# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૧૨મો વાર્ષિક અહેવાલ

### વર્ષ ૨૦૧૦-૧૧



૧લો માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## બારમો વાર્ષિક અહેવાલ
## ૨૦૧૦-૧૧

પહેલો માળ, નેપ્ચ્યુન ટાવર,
નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

આયોગ વીજળી અધિનિયમ-૨૦૦૩ની
કલમ ૧૦૫ અન્વયે ૨૦૧૦-૧૧ નાણાકીય વર્ષ
માટેનો બારમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

ડૉ. કેતન શુક્લ, આઈ.એફ.એસ.
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

# વિષય-સૂચિ


| | | |
|---|---|---|
| | વિષય-સૂચિ | ... I |
| | જોડાણો | ... II |
| | સંક્ષેપાક્ષર | ... III |
| | અધ્યક્ષ સ્થાનેથી | ... IV-VI |
| | ૨૦૦૯-૨૦૧૦ની પ્રવૃત્તિ વિશેષતા | ...VII-VIII |
| **૧.** | **આયોગનું વ્યવસ્થા માળખું** | **...૦૧** |
| | ૧.૧ આયોગ | ...૦૧ |
| | ૧.૨ આયોગની કચેરી | ...૦૧ |
| | ૧.૩ પૂર્વ જરૂરી સગવડો | ...૦૧ |
| | ૧.૪ સ્ટાફ | ...૦૨ |
| **૨.** | **આયોગના કાર્યો** | **...૦૩** |
| | ૨.૧ આદેશ | ...૦૩ |
| | ૨.૨ કાર્યો | ...૦૩ |
| | ૨.૩ વિનિયમો | ...૦૪ |
| **૩.** | **વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ** | **...૦૫** |
| | ૩.૧ પ્રશુલ્કનો નિર્ણય | ...૦૫ |
| | ૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ | ...૦૫-૧૦ |
| | ૩.૩ પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ | ...૧૧-૧૩ |
| | ૩.૪ નવીનીકરણ પ્રાપ્ય ઉર્જાના સ્ત્રોતો | ...૧૩-૧૯ |
| | ૩.૫ ખુલ્લો પ્રવેશ સરચાર્જ નિર્ધારણની વર્તમાન સ્થિતિ | ...૨૦-૨૨ |
| | ૩.૬ પીટીશનો અને અપીલોનો નિકાલ | ...૨૨-૨૪ |
| | ૩.૭ લાઈસન્સ અરજીઓ | ....૨૪-૨૮ |
| | ૩.૮ અર્થ ટર્મિનલ અંગેના આદેશનો અમલ | ...૨૯-૩૧ |
| | ૩.૯ આંતર-રાજ્ય પ્રાપ્યતા આધારિત પ્રશુલ્કની સ્થિતિ | ...૩૧-૩૨ |
| | ૩.૯ તકરારો અને મતભેદોનો ન્યાય નિર્ણય | ...૩૫ |
| | ૩.૧૦ રાજ્ય સલાહકાર સમિતિ | ...૩૬ |
| | ૩.૧૧ તાલીમ કાર્યક્રમ | ...૩૭ |
| | ૩.૧૨ નિયંત્રક ફોરમની બેઠકો | ...૩૮ |
| | ૩.૧૩ ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો | ...૩૯ |
| **૪.** | **વાર્ષિક હિસાબો** | **...૪૦-૪૧** |

# જોડાણો


| | | |
|---|---|---|
| ૧. | આયોગનું આંતરિક માળખું | ...૪૨ |
| ૨. | આયોગનો વ્યવસ્થા ચાર્ટ | ...૪૩ |
| ૩. | ૨૦૧૦-૧૧ દરમિયાન નિકાલ કરેલ પીટીશનનો વિગતો | ...૪૪-૪૬ |
| ૪. | ૨૦૧૦-૧૧ દરમિયાન નિકાલ કરેલ અપીલની વિગતો | ...૪૪-૪૬ |
| ૫. | ૨૦૧૦-૧૧ દરમિયાન નિકાલ કરેલ પ્રકીર્ણ અરજીઓની વિગતો | ...૪૭ |
| ૬. | ૨૦૧૦-૧૧ દરમિયાન નિકાલ કરેલ લાયસન્સ અરજીની વિગત | ...૪૮ |
| ૭. | આયોગે જાહેર કરેલ વિનિયમોની યાદી | ...૪૮-૪૯ |
| ૮. | ૨૦૧૦-૧૧ દરમિયાન વિદ્યુત લોકપાલને મળેલી ફરિયાદોનો પ્રકાર | ...૫૦ |
| ૯. | ૨૦૧૦-૧૧ દરમિયાન વિદ્યુત લોકપાલન નિકાલ કરેલ અપીલની વિગતો | ..૫૦ |

# સંક્ષેપાક્ષરો

| | |
|---|---|
| ABT | પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક |
| ARR | એકંદર મહેસુલ જરૂરિયાત |
| BPL | ગરીબી રેખા નીચે |
| CEI | મુખ્ય વીજળી નિરીક્ષક |
| CERC | કેન્દ્રીય વિદ્યુત નિયંત્રક આયોગ |
| CERS | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી |
| CIRE | કેન્દ્રીય ગ્રામ્ય વીજળીકરણ સંસ્થા |
| CPP | કેપ્ટીવ વીજ પ્લાન્ટ |
| DGVCL | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| EI | વિદ્યુત નિરીક્ષક |
| FOIR | ભારતીય નિયંત્રક ફોરમ |
| FOR | નિયંત્રક ફોરમ |
| FPPPA | બળતણ ભાવ અને વીજ ખરીદી સમાયોજન |
| GEB | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| GERC | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ |
| GETCO | ગુજરાત વીજ પ્રવહન નિગમ લિમિટેડ |
| GSECL | ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ |
| GVVNL | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ |
| IIT | ભારતીય ટેકનોલોજી સંસ્થા |
| IOC | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન |
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| PDCRC | કાયમી જોડાણ કાપ તથા ગ્રાહક પુર્નજોડાણ |
| PGVCL | પશ્ચિમગુજરાત વીજ કંપની લિમિટેડ |
| POC | સમાંતર કાર્યદર |
| PPA | વીજ ખરીદી સમજૂતી |
| SSNNL | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. |
| SLDC | રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર |

# અધ્યક્ષ સ્થાનેથી

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જી.ઇ.આર.સી.)એ સને ૨૦૧૦-૧૧માં પણ સ્વસક્રિય અને સંખ્યાબંધ નવી પહેલ કરતાં પગલાં ભર્યા છે.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમ, ૨૦૧૧ સરકારશ્રીના રાજપત્રમાં તા. ૨૨ માર્ચ, ૨૦૧૧ના રોજ પ્રસિધ્ધ થયેલ હતા. વિગતવાર પૃથ્થકરણ, અરસપરસ વિચાર વિમર્શ અને પરામર્શની તે ફલશ્રુતિ છે. નિયંત્રક માળખાકીય ઢાંચા અંગે તે સીમાચિહ્ન છે. અગાઉના બે વિનિયમો-ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પ્રશુલ્ક શરતો અને બોલીઓ) વિનિયમો-૨૦૦૫ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક માળખું) વિનિયમો ૨૦૦૭ના સ્થાને એકત્રિત વિનિયમો બનાવવામાં આવ્યા છે. તાજેતરના વર્ષોના અનુભવના આધારે નવી બાબતો આવરી લેવામાં આવેલ છે. ઉદાહરણ રૂપે પ્રશુલ્ક નિર્ધારણની પ્રક્રિયામાં વાર્ષિક કામગીરી સમીક્ષાને ધ્યાને લેવાનું બંધ કરવામાં આવેલ છે.

જી.ઇ.આર.સી.એ નવીનીકરણ ઉર્જાને વધુ પ્રોત્સાહન આપવાના પ્રયત્નો વેગીલા બનાવ્યા છે. નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતોમાંથ વીજ પ્રાપ્તિ અંગેના વિનિયમોને નવેસરથી જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ વિનિયમો અનુસાર, નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતોમાંથી ઉર્જા ખરીદી અંગે વિતરણ પરવાનેદારો માટે ૨%ના બદલે સુધારીને ૫% ૬% અને ૭% અનુક્રમે સને ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ માટે બંધનકારક બનાવેલ છે. સંબંધિત પરિબળોને ધ્યાને લેતાં સૌર ઉર્જા, પવન ઉર્જા અને અન્ય નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતો માટે અલગ ટકાવારી નક્કી કરેલ છે. આ વિનિયમો કેપ્ટીવ અને ખુલ્લા પ્રવેશના ઉપભોક્તાને ધ્યાને રાખી તૈયાર કરવામાં આવેલ છે, જે આયોગ દ્વારા આવા ઉપભોક્તાને જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ તારીખથી અમલી બનશે. બાયોમાસ આધારીત વીજ ઉત્પાદન અને બગાસે આધારીત કો-જનરેશન માટેના પ્રશુલ્ક આ ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન મળે તે ધ્યાને રાખી સુધારવામાં આવેલ છા. રૂફટોપ સૌર ઉર્જા પ્રકલ્પો માટે અલગથી આદેશ બહાર પાડવામાં આવેલ છે.

આયોગે ગ્રાહકોના હિતનું રક્ષણ અને વધુ અસરકારક ગ્રાહક તકરાર નિવારણ તંત્ર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત રાખેલ છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠકો નિયમિત સમયાંતરે યોજવામાં આવેલ હતી. નીતિના મહત્વના પાસા, અમલ અને આ ક્ષેત્ર પ્રશ્નોનો પૂર્ણપણે વિચાર કરવામાં આવેલ છે.

અરજીઓ અને ન્યાયાધીન વિવાદોના ઝડપી ઉકેલ માટે અસરકારક પગલાં લેવામાં આવેલ હતા. સંખ્યાબંધ મહત્વની બાબતોનો નિર્ણય થયેલ હતો અને નિર્ણયોનો વ્યાપકપણે સ્વીકાર થયેલ હતો.

નિયંત્રક બાબતોને લગતી બાબતોને સ્પર્શની વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોરમમાં ભાગ લેવા સંખ્યાબંધ આમંત્રણો મળેલ હતા.

વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યાનુસાર મહત્વના સેમીનારો, કાર્યશાળા અને પરામર્શમાં અસરકારક ભાગ લીધેલ હતો.

**ડૉ. પી. કે. મિશ્રા**
અધ્યક્ષ

# સને ૨૦૧૦-૧૧ની પ્રવૃતિ વિશેષતા.

- ડૉ. એમ. કે ઐયરે તા. ૫-ઓગષ્ટ-૨૦૧૦ના રોજ સભ્ય (નાણા) તરીકે કાર્યભાર સંભાળ્યો.
- ડૉ. કેતન શુક્લ, ભારતીય વિદેશ સેવા (IFS) તા. ૯-જુલાઇ-૨૦૧૦ના રોજ સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો.

- સને ૨૦૧૦-૧૧ના વર્ષ માટે પ્રશુલ્ક નિર્ધારિણ :
  વર્ષ દરમિયાન આયોગે રાજ્યમાં કાર્યરત વિતરણ પરવાનેદારો માટે બહુવર્ષિય પ્રશુલ્ક નિયંત્રણ ગાળા ૨૦૧૧-૧૬ પૈકી સને ૨૦૧૧-૧૨ માટે પ્રશુલ્ક નિર્ધારિણ કર્યું.

- ગુજરાત વીજ પ્રવહન નિગમ (GETCO), રાજ્ય પ્રવહન કંપની

- રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્ર

- ૬૩ પીટીશનો, ૧ અપીલ, ૫ પ્રકીર્ણ અરજીઓ અને ચાર પરવાના અરજીઓનો નિકાલ કર્યો.

- સને ૨૦૦૯-૧૦ના વાર્ષિક હિસાબો અને વાર્ષિક અહેવાલ પ્રસિધ્ધ કર્યા અને ફેબ્રુઆરી ૨૦૧૧માં રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કર્યા.

- નીચે દર્શાવિલ વિગતે વિવિધ બેઠકો યોજવામાં અવેલ હતી.
  - રાજ્ય સહલાકાર સમિતિ : ૧૦મી બેઠક-અમદાવાદખાતે તા. ૧૫મી જૂન, ૨૦૧૦
    : ૧૧મી બેઠક-અમદાવાદ ખાતે તા.૨૭મી ઓક્ટોબર, ૨૦૧૦
  - રાજ્ય સંકલન સમિતિ : ૬ઠી બેઠક-અમદાવાદ ખાતે તા. ૧૫મી જૂન, ૨૦૧૦
    : ૭મી બેઠક- અમદાવાદ ખાતે તા. ૨૨મી નવેબર, ૨૦૧૦
  - ગ્રાહક તકરાર નિવારણ ફોરમ : અમદાવાદ ખાતે તા. ૨૯મી જૂન, ૨૦૧૦
    : અમદાવાદ ખાતે તા. ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૦
    : રાજકોટ ખાતે તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૧

**FOR *કાર્યકારી જૂથની બેઠક :***

અમદાવાદ ખાતે તા. ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૦ના રોજ GERCએ નિયંત્રક ફોરમની બીજી બેઠક "ઉપભોક્તા માટે ખુલ્લા પ્રવેશ અંગે મોડેલ વિનિયમ"નો મુસદો ઘડવા માટે યોજેલ હતી.

***મહાનુભાવોની મુલાકાત***

૧. શ્રી એમ. આર. શ્રીનિવાસ મૂર્તિ, અધ્યક્ષ કણાટક વિદ્યુત નિયંત્રક આયોગ તા. ૨ જૂન ૨૦૧૦ના રોજ GERCની મુલાકાત લીધી હતી. "ગુજરાતમાં વીજ ક્ષેત્ર" એ વિષય પર તેમની સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતું.

૨. "ઉર્જા અને સ્ત્રોત સંસ્થા- ટેરી" નવી દિલ્હી જેમાં શ્રી એસ. કે ચાંદ, સુશ્રી નિધિ મૌર્ય અને સુશ્રી પી. આર. કૃતિકાના જૂથે GERCની તા. ૨૭ અને ૨૮ મે ૨૦૧૦ના રોજ મુલાકાત લીધી હતી અને માનનિય અધ્યક્ષશ્રી તથા આયોગના માનનિય સભ્યશ્રી સાથે ગુજરાતમાં વીજ ક્ષેત્રમાં સુધારા અંગે ચર્ચા કરી હતી.

૩. એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) ના ૬ સભ્યોના જૂથે શ્રી યોમીગ્પીંગ ઝાઇ નિયામક દક્ષિણ એશિયા ક્ષેત્રીય વિભાગની આગેવાની હેઠળ તા. ૬ અને ૭ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ ગુજરાતની મુલાકાત લીધી. આ જૂથે GERC કચેરીની ૬ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ મુલાકાત લીધી અને માનનિય અધ્યક્ષશ્રી માનનિય સભ્યશ્રી તથા અન્ય અદિકારીઓ સાથે સૌર ઉર્જા વિકાસ અને સૌર ઉર્જા પાર્ક અંગેના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી.

- ડો. પી. કે. મિશ્રાએ વૈશ્વિક સ્ત્રોત સંસ્થા (USA) પ્રયાસ ઉર્જા જૂથ, ભારત અને આફ્રિકામાં લોકશાહી અંગેની સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સ્વચ્છ ઉર્જા અંગે સુચારુ વહીવટ અને વિદ્યુત વિનિયમન અંગેની બેઠક જે કેપટાઉન દક્ષિણ આફ્રિકા ખાતે યોજાયેલ હતી. તેમાં ભાગ લીધો હતો.

- તા. ૨૧ તથા ૨૨ જૂન, ૨૦૧૦ દરમિયાન એશિયા પેલીફીક સંવાદ સ્વચ્છ ઉર્જા પ્રબંધન અને વિનિયમન અંગે મનીલા, ફીલીપાઇન્સ ખાતે યોજાયેલ તેમાં GERCના અધ્યક્ષશ્રીએ ભાગ લીધો હતો.

- તા. ૧૨ સપ્ટેબર, ૨૦૧૦ થી તા. ૧૬ સપ્ટેબર, ૨૦૧૦ દરમિયાન મોન્ટ્રીયલ, કેનેડા ખાતે યોજાયેલ એશિયા પેસીફીક સંવાદ વૈશ્વિક ઉર્જા કોગ્રેસ દ્વારા GERCના અધ્યક્ષશ્રી, ડૉ. પી. કે. મિશ્રાએ ભાગ લીધો હતો.

- તા. ૨ નવેમ્બર, ૨૦૧૦ ના રોજ હોટલ તાજ મહાલ, નવી દિલિહી ખાતે આયોજન પંચ દ્વારા યોજાયેલ વિદ્યુત પ્રવહન ક્ષેત્રમાં જાહેર-ખાનગી ક્ષેત્રની સંયુક્ત ભાગીદારી વિષય પરના પરિસંવાદમાં શ્રી પ્રવિણભાઇ પટેલ, સભ્યશ્રી (તાંત્રિક) GERC ભાગ લીધો હતો.

- તા. ૯ ડિસેમ્બર, ૨૦૧૦ થી તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૦ દરનિયાન કાઠમંડુ, નેપાળ ખાતે SAFIRની કાર્ય નિર્દેશ સમિતિની ૧૭મી બેઠકમાં GERC સભ્યશ્રી (તાંત્રિક) શ્રી પ્રવિણભાઇ પટેલ હાજરી આપી હતી.

- ગુજરાતમાં સહકારી ખાંડ ઉત્પાદન મીલોમાં કૉ-જનરેશન ઉર્જા પ્રકલ્પો અંગે જાગૃતિકરણ હેઠળ એક દિવસીય કાર્યક્રમમાં સચિવ, GERC ડૉ. કેતન શુક્લે હાજરી આપી ચાવીરૂપ ઉદ્‌બોધન કરેલ હતું.

- ભારતીય ઉદ્યોગ મહાસંઘ (CII) તથા આયોજન પંચ નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ યોજાયેલ “વિનિયમ માળખા અંગે આગામી સમયના પરિમાણો તરફ ગતિ” એ વિષય પરના પરિસંવાદમાં સચિવ. ડૉ. કેતન શુક્લએ ભાગ લીધો હતો.

# ૧. આયોગનું વ્યવસ્થાતંત્ર

## ૧.૧ આયોગ

ડૉ. પી. કે. મિશ્રાએ અધ્યક્ષ તરીકે સમગ્ર વર્ષ દરમિયાન સેવાઓ આપી હતી અને શ્રી પ્રવિણભાઈ પટેલની આયોગના આયોગના સભ્યની એક જગ્યા સમગ્ર વર્ષ દરમ્યાન ખાલી રહેલ હતી. ડૉ. એમ. કે. ઐયરે અનુક્રમે સભ્ય (તાંત્રિક) તથા સભ્ય (નાણા) તરીકે સેવા આપેલ હતી.

## ૧.૨ આયોગની કચેરી

આયોગના સચિવ શ્રી. સંજય નંદન અગ્રવાલ, આઈ.એ.એસ. તા. ૮મી જુલાઈ, ૨૦૧૦ સુધી સચિવ તરાકે સેવા બજાવેલ હતી. ડૉ. કેતન શુકલ, ભારતીય વિદેશ સેવા (IFS) તા. ૯-જુલાઇ-૨૦૧૦ના રોજ સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો.

આયોગની કચેરી નેપચ્યુન ટાવર, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ખાતે ભાડાના મકાનમાં કાંયરત છે.

## ૧.૩ પૂર્વ જરૂરી સગવડો

***કચેરીનું મકાન :*** આયોગ પીટિશન અને અપીલોની સુનાવણી માટે ખાસ કોર્ટરૂમ, બેઠકો યોજવા કોન્ફરન્સ હોલ અને રેકર્ડ માહિતી તથા સાહિત્ય સુગમતાથી મળે તે માટે ગ્રંથાલય સાથેની સાધન સજ્જ કચેરી ધરાવે છે. આયોગ જરૂરી અદાલતી સંદર્ભો પ્રાપ્ત કરવામાં મદદ કરવા તે સુપ્રીમકોર્ટના કેસોના ઓનલાઇન સિંગલ યુઝર લાઇસન્સ પણ ધરાવે છે.
ગુજરાત સરકારે મોજે ત્રાગડ તા. સીટી, જિ. અમદાવાદ ખાતે સર્વે નં. ૧૦૨ ખાતે નિરમા યુર્નિવસિટિ પાછળ, સરખેજ-ગાંધીનગર હાઇ-વે ખાતે નવા મકાન અંગે ૫,૦૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે ને કચેરીએ આ જમીનનો કબજો તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ લીધેલ છે.

***સ્થાનિક વિસ્તાર નેટવર્ક અને વેબસાઇટ :*** આયોગની કચેરીની કોમ્પ્યુટર સિસ્ટમ એલ.એ.એન. મારફતે જોડી છે. કોઈ પણ સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવા વેબસાઇટ (www.gercin.org) છે. જેને આયોગની કચેરી નિયમિત જાળવે છે અને અદ્યતન રાખે છે. આયોગની વેબસાઇટને વપરાશકર્તાઓ માટે વધુ મૈત્રીપૂર્ણ બનાવવા તાજેતરમાં ફરીથી તૈયાર કરવામાં આવી રહી છે. સુનાવણી નિયત સમયપત્રકો, સમાચાર, અદ્યતન સામગ્રી, આદેશો મૂકવા તથા વિભાવનાના પેપર્સ અંગે અભિપ્રાયો મંગાવવા, વિનિયમો, પીટિશનો, ટેન્ડરો (RFP) અને ખાલી જગ્યાઓ અંગે જાહેરાત કરવા વપરાય છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે ફોરમ અને વિદ્યુત લોકપાલ અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે. તથા ગ્રાહકોની તેમની ફરિયાદોના નિવારણ માટે માર્ગદર્શન આપે છે. વધુમાં વેબસાઇટ ઉપર ડાઉનલોડ કરી શકાય તેવા ઢાંચામાં અધિસૂચિત વિનિયમો, આદેશો અને અહેવાલો જેવી માહિતી પણ મળે છે.

## ૧.૪. સ્ટાફ

આયોગનો સ્ટાફ સીધી ભરતીથી કે કરાર કે પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્ત કરાય છે. જોડાણ-૧માં આયોગના સ્ટાફની સ્થિતિ અને જોડાણ-૨માં આયોગના વ્યવસ્થાતંત્રનો ચાર્ટ દર્શાવ્યો છે. તા. ૩૧-૩-૨૦૧૧ના રોજ આયોગના અધિકારીઓ અને સ્ટાફની વિગતો પત્રક મુજબ છે.

| ક્રમ | કર્મચારીનું | નામહોદ્દો |
|---|---|---|
| ૧ | **શ્રી સંજય નંદન અગ્રવાલ આઇ.એ.એસ.** (તા. ૦૮-૦૭-૨૦૧૦ સુધી) | **સચિવ** |
| | **શ્રી ડો. કેતન શુક્લ** ભારતીય વિદેશ સેવા **આઇ.એફ.એસ.** (તા. ૦૯-૦૭-૨૦૧૦ થી) | **સચિવ** |
| ૨ | **શ્રી એમ. એન. ખલ્યાણી જી.એ.એસ.** | **નાયબ નિયામક (વહીવટ અને હીસાબ)** |
| ૩ | **શ્રી ડી. આર. પરમાર** | **સંયુક્ત નિયામક (ટેકનિકલ)** |
| ૪ | **શ્રી એસ. આર. પાન્ડે** | **કાનુની સલાહકાર** |
| ૫ | **કુ. સી. એન. ભટ્ટ** | **મુખ્ય હિસાબી અધિકારી** |
| ૬ | **શ્રી બી.આર. જોષી** | **પરામર્શક (તાંત્રિક)** |
| ૭ | **શ્રીમતિ એમ. વાય. શાહ** (તા. ૩૦-૧૧-૨૦૧૧) | **પરામર્શક (કાનૂની)** |
| ૮ | **શ્રી વી. એમ. શાહ** (તા. ૦૧-૦૬-૨૦૧૦) | **પરામર્શક (મકાન)** |
| ૯ | **શ્રીમતિ એ. એસ. દાણી** | **નાયબ નિયામક (તાંત્રિક)** |
| ૧૦ | **શ્રી એસ. ટી. અનડા** | **નાયબ નિયામક** |
| ૧૧ | **શ્રી જી. એચ. પટેલ** | **નાયબ નિયામક** |
| ૧૨ | **શ્રી. કશ્યપ પરીખ** (તા. ૧૮-૦૫-૨૦૧૦) | **એક્ઝીક્યુટીવ (વહીવટ)** |
| ૧૩ | **શ્રી. ડી. આર. પરમાર** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૪ | **શ્રી ડી. ટી. શાહ** (તા. ૨૮-૦૨-૨૦૧૧) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૫ | **શ્રી જિજ્ઞેશ મકવાણા** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૬ | **શ્રીમતિ કાજલ બી. ચૌધરી** | **એક્ઝીક્યુટીવ** |
| ૧૭ | **શ્રી આર. પી. જાની** (તા. ૦૧-૦૭-૨૦૧૦) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૮ | **શ્રી અભિષેક મકવાણા** (તા. ૨૪-૦૫-૨૦૧૦ થી) | **એક્ઝીક્યુટીવ** |
| ૧૯ | **શ્રી રાજકુમાર** (તા. ૩૧-૦૫-૨૦૧૦ થી) | **એક્ઝીક્યુટીવ** |
| ૨૦ | **શ્રી સંતોષકુમાર અશ્રુ** (તા. ૨૪-૦૬-૨૦૧૦ થી) | **એક્ઝીક્યુટીવ** |
| ૨૧ | **શ્રી પી. આર. શશી** | **અંગત મદદનીશ** |
| ૨૨ | **શ્રી બેબી વર્ગીસ** | **અંગત મદદનીશ** |
| ૨૩ | **શ્રી આર. જી. પિલ્લાઈ** | **અંગત મદદનીશ** |
| ૨૪ | **શ્રી આર. પી. નાયર** | **અંગત મદદનીશ** |
| ૨૫ | **શ્રીમતિ પી. એ. ક્રિશ્ચીયન** | **અંગત મદદનીશ** |
| ૨૬ | **શ્રી કે. આઇ. દેસાઇ** (તા. ૧-૦૬-૨૦૧૦ થી) | **જુનીયર આસીસ્ટન્ટ** |

***આ ઉપરાંત આયોગમાં પાંચ ડ્રાયવર અને વર્ગ-૪ના ચાર કર્મચારીઓ છે.***

# ૨. આયોગના કાર્યો

## ૨.૧ આદેશ (મેન્ડેટ) :-

૨૦૦૩ના વીજળી અધિનિયમનું ધ્યેય વીજળીના, ઉત્પાદન, પ્રવહન, વિતરણ, વેપાર અને ઉદ્યોગને લગતા કાયદાઓનું એકત્રીકરણ, સામાન્ય રીતે વીજળી ઉદ્યોગના વિકાસના વાહક પગલા લેવા તેમાં સ્પર્ધાને ઉત્તેજન, ગ્રાહકોના હિતોનું રક્ષણ, તમામવિસ્તારોમાં વીજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનું, વીજળી, પ્રશુલ્કનું સુઆયોજન, આર્થિક સહાયકીને લગતી પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવાનું કાર્યદક્ષ અને પર્યાવરણની દૃષ્ટિએ હિતકારક નીતિઓને પ્રોત્સાહન, કેન્દ્રીય વીજતંત્ર આયોગોની રચના તથા વીજળી માટે અપીલ પંચની સ્થાપના કરવાનું છે. ગ્રાહકો તેમજ વીજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા નિષ્પક્ષ સ્પર્ધાત્મક બજાર સંચાલિત વાતાવરણમાં વીજળી ક્ષેત્રના વિકાસને વાહક સક્ષમ માળખું ઉભું કરવાનું પણ તેમનું ધ્યેય છે. આ સંદર્ભમાં વીજળી, અધિનિયમમાં વિચારાયેલ ઉદ્દેશો સાકાર કરવા આયોગની ભૂમિકા સૌથી અગત્યની છે.

## ૨.૨ કાર્યો :-

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૬ અનુસાર આયોગને નીચેના કાર્યો હાથ ધરવા આદેશ આપ્યો છે.

(ક) રાજ્યની અંદર જથ્થાબંધ મોટા જથ્થામાં કે છૂટક જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પુરવઠા, પ્રવહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું.

(ખ) રાજ્યની અંદર વીજ ઉત્પાદન કંપનીઓ કે પરવાનેદારો પાસેથી અથવા વિતરણ અને પુરવઠા માટે વીજ ખરીદીની સમજૂતીઓ મારફત બીજા સ્ત્રોતોમાંથી જે ભાવે વીજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વીજ ખરીદી અને પ્રાપ્તિપ્રક્રિયા નિયંત્રિત કરવી.

(ગ) આંતર રાજ્ય વીજપ્રવહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વીજળીના વેપારીઓને રાજ્યમાં તેમની કામગીરી સંબંધમાં કામકરવા માગતી વ્યક્તિઓને લાઇસન્સ આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહઉત્પાદન અને ઉત્પાદનને કોઈ પણ વ્યક્તિને વેચાણ માટે પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ લાઇસન્સના વિસ્તારમાં વીજળીના કુલ વપરાશની ટકાવારી પણ નક્કી કરવી.

(છ) પરવાનેદારો અને વીજઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારો અંગે ન્યાય નિર્ણય આપવો અને લવાદને કોઈ તકરાર અંગે પૂછાણ કરવું.

(જ) અધિનિયમ હેતુસર ફી વસુલ કરવી.

(ઝ) અધિનિયમની કલમ-૭૯ની પેટા કલમ (૧)ના ખંડ અન્વયે કેન્દ્રીય વીજ નિયંત્રક આયોગ દ્વારા નિર્દિષ્ટ ગ્રીડ કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રીડ કોડ નિર્દિષ્ટ કરવો.

(ટ) પરવાનેદારોની સર્વિસની ગુણવત્તા સાતત્ય અને વિશ્વસનીયતા સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવા અને અમલમાં મૂકવા.

(ઠ) જરૂરી લાગે તો વીજળીના આંતરરાજ્ય વેપારઅંગેનો માર્જિન નક્કી કરવો.

(ડ) અધિનિયમ અન્વયે તેમને સોપવામાં આવે તેવા બીજા કાર્યો બજાવવા.

## ૨.૩વિનિયમો :-

૨૦૦૩ના વીજળી અધિનિયમોની કલમ-૧૮૧ અન્વયે આયોગે સામાન્ય રીતે અધિનિયમોની જોગવાઈઓ અમલમાં મૂકવા આયોગે અધિનિયમ સાથે સુસંગત વિનિયમો બનાવવાના છે. આયોગે જોડાણ-૩માં વિગત આપ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૨૭ વિનિયમો બહાર પાડ્યા છે.

## ૨.૪ બહુલર્ષીય પ્રશુલ્ક (MYT) વિનિયમ, ૨૦૧૧ :-

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે સને ૨૦૧૦માં બહુલર્ષીય પ્રશુલ્ક (MYT) વિનિયમ, ૨૦૧૧નો મુસદો પ્રસિધ્ધ કર્યો અને હિત સંબંધકર્તા તરફથી આ અંગે સૂચનો/ટિપ્પણ મંગાવવામાં આવેલ હતા. ગ્રાહક સંઘો વ્યક્તિગત અને યુટીલીટી સહીત ૧૪ પક્ષકારોએ વિનિયમના મુદસા અંગે ટિપ્પણ મોકલેલ હતી. તમામ સૂચનોના ધ્યાને લઇ આયોગે MYT વિનિયમ, ૨૦૧૧ને મંજુર કરેલ હતા. આ વિનિયમ તા. ૨૨ માર્ચ, ૨૦૧૧ના રોજના સરકારી ગેઝેટમાં જાહેરનામા નં.-૧/૨૦૧૧ થી પ્રસિધ્ધ કર્યા અને  તા.૧ એપ્રિલ, ૨૦૧૧ થી અમલી બનેલ છે.

સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ દરમિયાનના વિદ્યુત પ્રશુલ્ક આ વિનિયમોના આધારે નિધારીત થશે. આયોગે MYT વિનિયમ, ૨૦૧૧ હેઠળ દરેક યુટીલીટી માટે કામગીરીના વિવિધ માપદંડ નિયત કરેલ છે. આયોગે યુટીલીટી તથા ઉપભોક્તા વચ્ચે જોખમ-વહેંચણીની પધ્ધતિ નિયત કરેલ છે. આ પધ્ધતિ અનુસાર અગર યુટીલીટી તેમના પૂર્વ નિર્ધારીત લક્ષ્યાંકો હાંસલ કરે તો નફાનો એક તૃતીયાંશ ભાગ ઉપભોક્તાને આગામી વર્ષમાં નીચા પ્રશુલ્કના સ્વરૂપમાં આપવાનો રહેશે અને બે તૃતીયાંશ ભાગ પરવાનેદાર રાખી શકશે. આમછતાં,  અગર ખોટ હોય તો તે કિસ્સામાં પરવાનેદારે બે તૃતીયાંશ ખોટ વહન કરવાની રહેશે.

૨૦૧૧ના MYT વિનિયમ, હેઠળ ઉપભાક્તાને વ્યાજબી દરે વિદ્યુત પુરી પાડવા સાથો સાથ આ ક્ષેત્રમાં રોકાણ માટે પુરતી તક ઉભી કરવાનું છે.

### વિનિયમની વિશેષતા :-

- કામગીરીમાં પારદર્શિતાને ઉત્તેજન સાત્યતા અને વિનિયમનો અંગે પુર્વનું માનિત વલણના કારણે યુટીલીટીને વિનિયમોના જોખમો લઘુત્તમકરવાની સાથે વિનિયમોની નિશ્ચિતતા પૂરી પાડે છે.
- નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોના આધારે ઉભા થતા જોખમને યુટીલીટી અનેઉપભોક્તા વચ્ચે વહેંચણીની પધ્ધતિ નિયત કરેલ છે.
- કારગીરીમાં કાર્યક્ષમતાને પ્રોહત્સાહન.

- પરવાનેદારની એકંદર મહેસૂલી જરૂરીયાતનું નિર્ધારણ અને પ્રશુલ્ક નિર્ધારણનું સરળીકરણ ઓડિટેડ આંકડા બાદ નિયત્રિત અને અનિયંત્રિત પરિબળોના કારણે નફા તથા ખોટની ગણતરી.
- પાંચ વર્ષના નિયંત્રણ ગાળા માટે બીઝનેસ પ્લાન રજૂ કરવો.
- નિયંત્રણ ગાળા માટે કામગીરીની ટ્રેજેટરી માટેના માપદંડો.
- ઇક્વીટી પર ૧૪% વળતર જાળવી રાખવું.
- વિદ્યુત પ્લાન્ટના માલિકને સારા અને કાર્યક્ષમસ્તરે એકમને તેના ઉપભોક્તા સમય પછી પણ જાળવી રાખવા એકમના નવીનીકરણ અને આધુનિકીકરણ થકી તેના ઉપયોગિતા કાળને લંબાવવા તથા થર્મલ વીજ ઉત્પાક સ્ટેશનનોને વૈકલ્પિક વિકલ્પ થકી વધઆરાનું વળતર પૂરું પાડવાનો છે.
- વિતરણ માળખાની પ્રપ્યતા માટે પ્રોત્સાહન/દંડ કાર્ય પ્રણાલી.

બહુવર્ષીય પ્રશુલ્ક માળખા વિનિયમ, ૨૦૧૧ થકી અગાઉના વિનિયમનિર્દિષ્ટ વિનિયમોનું સ્થાન લીધેલ છે.

૧) જી.ઇ.આર.સી. (પ્રશુલ્કની શરતો અને બોલીઓ) વિનયમ, ૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક ૧૨.

૨) જી.ઇ.આર.સી. (બહુવર્ષીય પ્રશુલ્ક માળખું) વિનયમ, ૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક ૧.

આમછતાં, MYT વિનિયમ, ૨૦૧૧ની જોગવાઇ મુજબ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના ટ્રુઇગ અપ અગાઉના વિનિયમો એટલે કે સને ૨૦૦૫ના જાહેરનામા ક્રમાંક ૧૨. અને ૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક ૧ આધારે નિયત કરવામાં આવશે.

### i RPO *વિનિયમોઃ- (જાહેરનામા ક્રમાંક ૩/૨૦૧૦)*

આયોગે નવીનીકરણ ઉર્જા સ્ત્રોતોમાંથી ખરીદી અંગે સને ૨૦૧૦માં વિનિયમો જાહેરનામાથી બહાર પાડેલા છે. આયોગે નવીનીકરણ ઉર્જા સ્ત્રોતોમાંથી વિદ્યુત ખરીદી અંગેની સને ૨૦૦૮-૦૯ની ૨% થી ટકાવારી વધારીને ૫%, ૬%, ૭% અનુક્રમે સને ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨, તથા ૨૦૧૨-૧૩ માટે નિયત કરેલ છે. આયોગે RPO ની જોગવાઇ અલગ પવન, સૂર્ય તથા અન્ય નવીનીકરણ ઉર્જા સ્ત્રોતોની પ્રપ્યતાના આધારે નક્કી કરેલ છે. વાતાવરણ બદલાવ અંગેના રાષ્ટ્રીય કાર્ય યોજનાની જોગવાઇ અનુસાર દરેક રાજ્ય આયોગ સને ૨૦૦૯-૧૦ થી લઘુત્તમ૫% થી RPO ની જોગવાઇ કરશે અને તે દર વર્ષે ૧%ના દરે વધારી શકશે. RPO ની જોગવાઇ કેપ્ટીવ અને ખુલ્લા પ્રવેશના ઉપભોક્તાને/વપરાસકારને પણ લાગુ પડશે.

### ii REC *માટેની નોડલ એજન્સીને પદનામિત કરવીઃ- અંગે જાહેરનામા ક્રમાંક ૪/૨૦૧૦*

આયોગે તા. ૧૭ એપ્રિલ, ના રોજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નવીનીકરણ ઉર્જા સ્ત્રોતોમાંથી ઉર્જા પ્રાપ્તિ) વિનિયમો જાહેરનામાથી બહાર પાડેલા છે. આ વિનિયમોથી સોપાયેલ પ્રવૃત્તિઓ કરવા રાજ્યની એજન્સીને પગનામિત કરે છે.

આયોગે નવીનીકરણ ઉર્જા પ્રમાણપત્રના અંગેની જોગવાઇ અનુસાર રાજ્ય એજન્સીને સોપાયેલ કામગીરીના અમલીકરણ અંગે પૂરતીં ધ્યાન આપેલ છે. આયોગે એ બાબતની નોંધ લીધી છે કે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા (GEDA) નવીનીકરણ ઇર્જા સ્ત્રોત/બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતો અંગેના રાજ્યમાં

કાર્યરત પ્રકલ્પોની નોંધણી અંગે નોડલ એજન્સી તરીકે કાર્યરત છે. ભારત સરકારના નવીનીકરણ અને પુર્નપ્રાપ્ત ઉર્જા મંત્રાલય દ્વારા જાહેર થયેલી વિવિધ યોજનાઓ અંગે પરામર્શમા રહે છે. પવન ઉર્જા ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત ઉર્જા અને સ્ટેટ ગ્રી.માં ઇન્જેકટ કરવાને પણ પ્રમાણિત કરે છે. આયોગ આથી એ બાબતે એવું મંતવ્ય ધરાવે છે કે GEDA એ GERC (પુર્નનવીનીકરણ ઉર્જા સ્રોતોમાંથી ઉર્જા પ્રાપ્તિ) વિનિયમો, ૨૦૧૦ માટે રાજ્ય એજન્સી તરીકે યોગ્ય છે.

વિનિયમ (૬-અ) હેઠળ મળેલ સત્તાની રૂએ આયોગે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા GEDAને જાહેરનામા ક્રમાંક ૩/૨૦૧૦ હેઠળ પુર્નનવીનીકરણ ઉર્જા સ્રોતોમાંથી ઉર્જા પ્રાપ્તિ પ્રકલ્પોની નોંધણી અને કામગીરી અંગે અધિકૃતતા તથા ભલામણઓ અંગે રાજ્ય એજન્સી તરીકે પદનામિત કરેલ છે.

### iii *આતર રાજ્ય એબીટી હુકમનં. ૩/૨૦૧૦*

આયોગે હુકમનં. ૩/૨૦૧૦ તા. ૧૦-૪-૨૦૧૦ થી રાજયમાં આંતર રાજ્ય પ્રપ્યતા આધારિત પ્રશુલ્કના વાણિજ્યિક ઉપયોગ દાખલ કરેલ છે. આને દાખલ કરતાં, આયોગના અગાઉના આદેશ ૩માં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

આંતર રાજ્ય પ્રાપ્યતા આધારીત પ્રશુલ્કના આગેશના આધારે રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્રે રાજ્યના ઉર્જા હિસાબો પ્રપ્યતાની તારીજના આધારે તૈયાર થયેલ તે ઇશ્યુ કરેલ છે. SLDC અનશેડ્યુલ્ડ ઇન્ટરચેન્જ બીલ્સ ઇશ્યુ કરે છે અને સેબંધિત પક્ષકારોને ચૂકવણું કરવામાં આવે છે

# 3. ૨૦૧૦-૧૧ દરમિયાન પ્રવૃત્તિઓ

## ૩.૧ પ્રશુલ્ક નક્કી કરવો:-

વર્ષ દરમિયાન આયોગે રાજ્યમાં કાર્યરત નીચે દર્શાવેલ યુટીલીટીઓ માટે એમવાયપી કંટ્રોલ પીરિયડ પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ માટે પ્રશુલ્ક આદેશો નક્કી કર્યા.

૧. ગુજરાત ઉર્જા પ્રવહન નિગમ લિ. (GETCO) રાજ્યઉર્જા પ્રવહન યુટીલીટી

૨. રાજ્ય વીજભાર (Dispatch) મથક (SLDC)

ઉપર જણાવેલ વિદ્યુત યુટીલીટીઓએ સને ૨૦૦૯-૧૦ના Truing up માટે સને ૨૦૧૦-૧૧ માટે વાર્ષિક કામગીરીની સમીક્ષા તથા MYT કંટ્રોલ પીરિયડ ૨૦૧૧-૧૬ માટે એકંદર મહેસુલી જરૂરિયાત તથા બહુવર્ષીય પ્રશુલ્ક માળખા અંર્તગત ૨૦૧૧-૧૬ના કંટ્રોલ પીરિયડ માટે બીઝનેસ પ્લાન સાથે સને ૨૦૧૧-૧૨ માટે પ્રશુલ્ક નિર્ધારિણ અંગે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ પીટિશન દાખલ કરેલ હતી. SLDCએ તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૦ તથા GETCOએ તા. ૩૦મી ડિસેમ્બર ૨૦૧૦ પીટિશન દાખલ કરેલ હતી.

વીજ અધિનિયમ૨૦૦૩ની જોગવાઈઓ અને પ્રવર્તમાન નિયમો અને વિનિયમોને ધ્યાને રાખી. આયોગે પીટિશનની ચકાસણી કરી હતી. આયોગે આ અંગે જાહેર જનતા તથા હિતધારકો પાસેથી વાંધાસુચનો મંગાવેલા હતા અને જાહેર સુનાવણી તા.૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ રાખેલ હતી. આયોગે આ પીટિશનો પર તા. ૩૧મી માર્ચે ૨૦૧૧ના રોજ આદેશ કર્યો.

આયોગના આદેશના મહત્વના પાસા નીચે મુજબ છે.

### ૩.૧.૧ ગુજરાત ઉર્જા પ્રવહન નિગમલિ. (GETCO) :-

GETCOએ રાજ્યની પ્રવહન યુટીલીટી છે. જે રાજ્યમાં મુખ્ય (EHV) નેટવર્કની માલીકી ધરાવે છે. જેટકોએ ૧ એપ્રિલ ૨૦૧૧ થી ૩૧ માર્ચ ૨૦૧૬ દરમિયાનના કંટ્રોલ પીરિયડ માટે આયોગના તા. ૧૨મી નવેમ્બર ૨૦૧૦ના પત્ર નં GERC/MYT/Tariff.૨૦૧૦/૧૭૯૪ના પત્રથી આપેલા નિર્દેશ અન્વયે બીઝનેસ પ્લાન રજુ કરેલ હતો. કંપની તરફથી રજુ કરવામાં આવેલ બીઝનેસ પ્લાનમાં દર્શાવવામાં આવેલ ધારણાઓ બહુવર્ષીય પ્રશુલ્ક વિનિયમો ૨૦૧૧ની જોગવાઈઓ સાથે વિસંગત હતી તેમ નોંધવામાં આવેલ છે.

આથી જેટકોને MYT વિનિયમો ૨૦૧૧ની જોગવાઈઓ/માપદંડોને ધ્યાને રાખી સુધારેલા બીઝનેસ પ્લાન રજુ કરવા અને આયોગ સમક્ષ તા. ૩૦મી જુન ૨૦૧૧ સુધીમાં રજુ કરવા નિર્દેશ આપ્યા.

### સને ૨૦૦૯-૧૦ દરમિયાન જેટકોની કામગીરી

જેટકોએ સને ૨૦૦૯-૧૦ દરમિયાન પ્રવહન લાઈનના ૨૮૫૭ કિ.મી.ના લક્ષ્યાંક સામે ૨૧૦૪ કિ.મી. પ્રવહન લાઈન તથા ૫૫ પેટા મથકોના લક્ષ્યાંક સામે ૬૦ નવા પેટામથકો સ્થાપેલ હતા. જેટકોની પ્રવહન ક્ષમતા માર્ચ. ૨૦૧૦ અંતીત ૪૯૮૬૦ એમવીએ હતી જે સને ૨૦૦૮-૦૯ અંતીત ક્ષમતાની તુલનાએ ૨૦૪૩ એમવીએનો વધારો દર્શાવે છે. સને ૨૦૦૮-૦૯ અંતીત પ્રવહન બોજ ૧૦૯૮૧ મે.વો. સામે માર્ચ ૨૦૧૦ અંતીત પ્રવહન બોજ ૧૨૧૯૦ મે.વો. હતો. સને ૨૦૦૮-૦૯ દરમિયાન વધારાનો પ્રવહન બોજ ૧૨૦૯ મે.વો. પ્રાપ્ત કરેલ હતો. ૨૦૦૯-૧૦ દરમિયાન અંદાજીત પ્રવહન પ્રાપ્યતા ૯૯.૩૬% સામે ખરેખર પ્રવહન પ્રાપ્યતા ૯૯.૬૨% હાંસલ કરેલ હતી.

સને ૨૦૦૯-૧૦ના પ્રશુલ્ક હુકમમાં આયોગે ૪.૨૫%ની માન્ય રાખેલ પ્રવહન ઘટ સામે ૪.૩૦%ની પ્રવહન ઘટ નોંધાયેલ હતી સને ૨૦૦૯-૧૦ દરમિયાન ઘટમાં થયેલ વધારા માટે જેટકોના જણાવ્યાનુસાર આ કારણો જવાબદાર હતા. (૧) દક્ષિણ ગુજરાતમાં દમણ અને દીવનો લૉડ જેટકો સિસ્ટમથી પીયુસી આઈટીમાં હસ્તાંતરિત કરવાથી (૨) જેટકો સિસ્ટમ માંથી સુરતનો લૉડ ટૉરંન્ટ પાવર લિ.ના સુજેન પાવર પ્લાન્ટમાં હસ્તાંતરણના કારણે. બે મોટા લૉડની અન્ય સ્ત્રોતમાં તબદિલી થવાથી દક્ષિણ ગુજરાતમાં માગમાં ઘટાડો નોંધાયેલ હતો અને દક્ષિણ ગુજરાતમાં વીજ ઉત્પાદન પ્રાપ્યતાને ઉત્તર તથા પશ્ચિમના મથકો પર ફાળવવામાં આવેલ હતી.

### સને ૨૦૧૦-૧૧ દરમિયાન જેટકોની કામગીરી

સને ૨૦૧૦-૧૧માં ફેબ્રુઆરી-૨૦૧૧ સુધીમાં જેટકોએ ૧૬૪૩ કિ.મી.ની પ્રવહન લાઇન અને ૧૨૨ પેટા મથકોનો ઉમેરો કરેલ હતો. સને ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૨૧૯૦ મે.વોના લૉડની સામે સપ્ટેબર-૨૦૧૦ અંતીત પ્રવહન મળખા પર ૧૨૪૯૦ મે.વોનો લૉડ હતો. માર્ચ-૨૦૧૧ અતીત જેટકો દ્વારા વધારાનો૧૭૨૦ મે.વો.નો લૉડ અપેક્ષિત હતો. સને ૨૦૧૦-૧૧ દરમિયાન પ્રવહન માળખાની પ્રાપ્યતા જેટકો દ્વારા ૯૯.૬૨%ની ધારણા હતી. આયોગે આના સમર્થનમાં પ્રાપ્ત આંકડાકીય માહિતી સાથે વિગતવાર ગણતરી સને ૨૦૧૦-૧૧ના ટ્રુ-અપ સાથે રજૂ કરવા નિર્દેશ આપ્યા.

જેટકોએ અગાઉ પીટીશનની સરખામણીએ આ પીટીશનમાં ઘટતી ટકાવારી ૪.૨% સુધી ઘટાડેલ હતી. પી.જી.વી.સી.એલ.ની માંગને પહોંચી વળવા કચ્છ વિસ્તારમાં વધારાના ઉત્પાદનના કારણે દક્ષિણ તથા મધ્ય ગુજરાતના બદલે કચ્છમાંથી પુરવઠો પૂરો પડવાના કારણે આ શક્ય બન્યું. ફેબ્રુઆરી ૨૦૧૧ અંતીત ખરેખર ઘટ ૩.૮૫% થયેલ હતી.

કંટ્રોલ પીરિયડ નાંણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ દરમિયાન પ્રવહન માળખું અને નાંણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં પ્રવહન લાઇનનું આયોજન

*કંટ્રોલ પીરિયડ નાંણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ દરમિયાન પ્રવહન માળખું અને નાંણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં પ્રવહન લાઈનનું આયોજન*

| **વર્ષ** | **૨૦૧૧-૧૨** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| કુલ આયોજિત લાઈન (કિ.મી.માં) | ૪૮૨૨ | ૪૪૦૨ | ૨૯૫૩ | ૨૩૯૧ | ૧૪૯૫ | ૧૬૦૬૩ |
| કુલ આયોજીત પેટામથકો (સંખ્યા) | ૧૩૭ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૧ | ૩૭૮ |
| ર્જટકોનો કુલ અપેક્ષિત લૉડ (મે.વો) | | | | | | |
| ૧. જીએસઈસીએલ પ્લાન્ટ્ચ | ૫૨૪૯ | ૫૪૭૮ | ૬૦૫૬ | ૯૧૮૪ | ૯૧૮૪ | ૩૫૧૫૧ |
| ૨.આઈપીપી | ૬૦૭૦ | ૬૭૧૧ | ૬૯૨૬ | ૭૭૧૧ | ૧૨૫૩૯ | ૩૯૯૫૬ |
| ૩. કેન્દ્રીય પ્રભાગમાંથી હિસ્સો | ૩૯૭૨ | ૫૩૦૬ | ૫૭૮૦ | ૬૪૩૦ | ૭૧૧૨ | ૨૮૬૦૦ |
| ૪. સીપીપી વ્હીલીંગ | ૮૪ | ૮૪ | ૮૪ | ૮૪ | ૮૪ | ૪૨૦ |
| ૫. વીન્ડ ફાર્મ ક્ષમતા | ૨૩૯૧ | ૨૬૯૧ | ૨૯૯૧ | ૩૨૯૧ | ૩૫૯૧ | ૧૪૯૫૫ |
| ૬. સૌર ઉર્જા પ્રકલ્પો | ૪૨૭ | ૭૨૭ | ૯૨૭ | ૧૧૨૭ | ૧૪૨૭ | ૪૬૩૫ |
| ૭. મીની હાઈડલ પ્રોજેક્ટ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૩૦ |
| ૮. બગાર્સ પોજેક્ટ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૩૦૦ |
| કુલ લૉડીંગ (મે.વો.માં) | ૧૮૨૫૮ | ૨૧૦૬૨ | ૨૨૮૨૯ | ૨૭૮૯૧ | ૩૪૦૦૧ | ૧૨૪૦૪૧ |
| ર્જટકો માળખાની પ્રાપ્યતા (ટકાવારીમાં) | ૯૯.૬૪ | ૯૯.૬૪ | ૯૯.૬૫ | ૯૯.૬૫ | ૯૯.૬૬ | |
| પ્રવહન ઘટ (ટકાવારીમાં) | ૪.૧૮ | ૪.૧૫ | ૪.૧૦ | ૪.૧૦ | ૪.૧૦ | |

**૨૦૦૯-૧૦ નું ટ્રૃંઈંગ અપ**

તા. ૧૪ ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ ઈશ્યુ કરેલ નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટેના પ્રશુલ્ક આદેશોમાં માન્ય રાખવામાં આવેલ એકંદર મહેસુલી જરૂરિયાત અને ખરેખર આવકના વિવિધ પરિબળો સાથે તુલના કરીને નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦નું ટ્રૃંઈંગ અપ કરવામાં આવ્યું. તા. ૧૪મી ડિસેમ્બર ૨૦૦૯ના પ્રશુલ્ક આદેશમાં માન્ય રાખેલ એકંદર મહેસૂલી જરૂરિયાત રૂ. ૧૧૨૩.૬૧ કરોડની સામે સને ૨૦૦૯-૧૦ની સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત રૂ. ૧૧૨૦.૮૫ કરોડ આયોગે માન્ય રાખેલ હતી. આમસને ૨૦૦૯ ૧૦માં રૂ.૨.૭૬ કરોડની પુરાંત રહેલ હતી.

**સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ માટે એકંદર મહેસુલી જરૂરિયાતનું નિર્ધારણઃ-**

| વર્ષ | નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ | નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ | નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ | નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ | નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| જેટકોની ધારણા અનુસાર કુલ મહેસુલી જરૂરિયાત | ૨૧૨૨.૦૬ | ૨૩૭૬.૭૨ | ૨૮૨૮.૧૫ | ૩૨૭૬.૭૯ | ૩૬૮૪.૨૨ |
| આયોગે માન્ય રાખેલ કુલ મહેસુલી જરૂરિયાત (રૂ. કરોડમાં) | ૧૬૨૫.૬૯ | ૧૯૯૫.૭૬ | ૨૩૭૭.૭૪ | ૨૭૫૭.૨૯ | ૩૦૬૯.૨૦ |

જેટકો દ્વારા એપેક્ષિત સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ માટે પ્રવહન લાઇનના પ્રશુલ્ક દર આયોગ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| વિગત | | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| જેટકો દ્વારા અંદાજીત પ્રવહન પ્રશુલ્ક | પ્રવહન પ્રશુલ્ક રૂ./મે.વો./દિન | ૨૭૭૯.૭૭ | ૨૯૫૩.૯૯ | ૩૨૪૪.૮૫ | ૩૦૨૯.૦૮ | ૨૭૨૭.૧૭ |
| | પ્રવહન પ્રશુલ્ક પૈસા/યુનિટ | ૧૪.૪૯ | ૧૫.૩૯ | ૧૬.૯૦ | ૧૫.૭૮ | ૧૪.૨૪ |
| પ્રવહન પ્રશુલ્ક | પ્રવહન પ્રશુલ્ક | ૨૭૭૫.૦૬ | ૨૯૫૩.૯૯ | ૩૨૪૪.૮૫ | ૩૦૨૯.૦૮ | ૨૭૨૭.૧૭ |

| વિગત | | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| અંદાજીત પ્રવહન પ્રશુલ્ક | પ્રવહન પ્રશુલ્ક રૂ./મે.વો./યુનિટ | ૨૭૭૯.૭૭ | ૨૯૫૩.૯૯ | ૩૨૪૪.૮૫ | ૩૦૨૯.૦૮ | ૨૭૨૭.૧૭ |
| આયોગે માન્ય રાખેલ | રૂ./મે.વો./યુનિટ | | | | | |
| | પ્રવહન પ્રશુલ્ક પૈસા/યુનિટ | ૧૪.૪૯ | ૧૫.૩૯ | ૧૬.૯૦ | ૧૫.૭૮ | ૧૪.૨૪ |

ક્ષમતામાં અંદાજીત વધારો અને પ્રવહન આયોજનને ધ્યાને રાખી સને ૨૦૧૧-૧૨ થી સને ૨૦૧૫-૧૬ માટે આયોગે નીચે દર્શાવેલ મૂડી ખર્ચને માન્ય રાખેલ છે.

| વર્ષ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| મૂડીકૃત ખર્ચ વર્ષ માટે (રૂ. કરોડમાં) | ૨૪૮૧ | ૨૨૭૭ | ૨૧૨૮ | ૨૩૭૩ | ૧૧૬૪ |

### ૩.૧.૨રાજ્ય વીજ ભાર રવાનગી કેન્દ્ર :-

#### સને ૨૦૦૯-૧૦નું ટ્રુઇંગ અપ :-

સને ૨૦૦૯-૧૦ ના વર્ષ માટે ટ્રુઇંગ અપ કરતી સમયે તા. ૧૪મી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ ઈશ્યુ કરવામાં આવેલ પ્રશુલ્ક આદેશમાં આયોગ માન્ય રાખેલ દર્શાવેલ અપેક્ષિત એકંદર મહેસુલી જરૂરિયાતના વિવિધ પરિબળોના ખરેખર એકંદર મહેસુલી જરૂરિયાત સાથે તુલના કરવામાં આવી. આયોગે સને ૨૦૦૯-૧૦ના ટ્રુઇંગ અપ કરતી સમયે દરેક પરિબળ થકીના લાભાલાભની ગણતરી કરી. સને ૨૦૦૯-૧૦ માટે આયોગે સુધારેલ એકંદર મહેસુલી જરૂરિયાત રૂ. ૧.૭૮ કરોડ માન્ય રાખી. સને ૨૦૦૯-૧૦ની ખરેખર મહેસુલ આવક ૦.૪૪ કરોડ તથા સને ૨૦૦૯-૧૦ માટેનો રૂ. ૧.૩૫ કરોડની ગેપ સાથે તુલના કરવામાં આવી.

#### સને ૨૦૧૧-૨૦૧૨ થી ૨૦૧૫-૨૦૧૬ માટે એકંદર મહેસુલી જરૂરિયાતનું નિર્ધારણ

SLDC દ્વારા ૨૦૧૧-૨૦૧૨ થી ૨૦૧૫-૨૦૧૬ માટે અપેક્ષિત તથા આયોગ દ્વારા માન્ય રાખવામાં આવેલ એકંદરે મહેસુલી જરૂરિયાત નીચે દર્શાવેલ છે.

| વર્ષ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|
| કુલ મહેસુલી આવક જે SLDC દ્વારા ધારણા કરવામાં આવેલ છે. (રૂ. કરોડમાં) | ૨.૩૧ | ૨.૪૮ | ૨.૬૩ | ૨.૭૭ | ૨.૯૧ |
| આયોગે માન્ય રાખેલ કુલ એકંદર મહેસુલી જરૂરિયાત (રૂ. કરોડમાં) | ૨.૧૦ | ૨.૧૬ | ૨.૨૭ | ૨.૩૬ | ૨.૪૩ |

જેટકો દ્વારા એપેક્ષિત સને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ માટે SLDC ફ્રી અને ચાર્જિસ જે આયોગ દ્વારામાન્ય રાખવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| વિગત | | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| ફ્રી અને ચાર્જ SLDC દ્વારા સૂચવેલા ફ્રી અને ચાર્જિસ | SLDC ચાર્જ રૂા./મે.વો./માસ | ૪૩૬.૪૫ | ૪૧૦.૧૦ | ૪૦૦.૨૮ | ૩૪૮.૭૩ | ૩૦૩.૫૭ |
| | SLDC ફ્રી રૂા./મે.વો./અર્ધવાર્ષિક | ૪૩૮.૦૩ | ૪૭૯.૬૩ | ૪૯૧.૦૫ | ૪૨૦.૨૬ | ૩૫૩.૬૪ |
| માન્ય રાખેલ આયોગે ફ્રી અને ચાર્જ | SLDC ચાર્જ રૂા./મે.વો./માસ | ૩૯૭.૩૫ | ૩૬૫.૦૧ | ૩૪૭.૭૭ | ૨૯૫.૧૬ | ૨૫૧.૦૨ |
| | SLDC ફ્રી રૂા./મે.વો./અર્ધવાર્ષિક | ૩૨૦.૮૩ | ૩૭૦.૬૮ | ૪૦૬.૭૩ | ૩૬૩.૪૩ | ૩૧૩.૧૪ |

## ૩.૨ રાષ્ટ્રીય વિદ્યુત નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :-

**૩.૨.૧ મીટરીંગ યોજના :-** વીજ અધિનિયમ-૨૦૦૩માં તમામ ઉપભોક્તાંને મીટર પૂરી પાડવાનું ઠરાવેલ છે. રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અનુસાર રાજ્ય આયોગે વિતરણ પરવાનેદારો પાસેથી તેમની મીટરીંગ યોજના મેળવવી તેને માન્ય રાખવા તથા તેના પર દેખરેખ રાખવાની રહે છે. આયોગે તમામ વિતરણ પરવાનેદારોને તેમની મીટરીંગ યોજના રજૂ કરવાના નિર્દેશ આપ્યા. જેના જવાબમાં વિતરણ પરવાનેદારોએ ખેતી વિષયક જોડાણો સિવાયના તમામ જોડાણો મીટરવાળા છે તેમ જણાવેલ હતું. સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ખેતીવીષયક જોડાણોમાં મીટરની સ્થિતી નીચે મુજબ હતી.

| ક્રમ | વીજ વિતરણ પરવાનેદાર | ખેતી વીષયક મીટરવાળા જોડાણો |
|---|---|---|
| ૧. | ઉ.ગુ.વી.કં.લિ. | ૩૧.૧૧% |
| ૨. | દ.ગુ.વી.કં.લિ. | ૫૦.૪૩% |
| ૩. | મ.ગુ.વી.કં.લિ. | ૬૨.૬૩% |
| ૪. | પ.ગુ.વી.કં.લિ. | ૪૩.૩૨% |
| ૫. | ટી.પી.એલ. (અમદાવાદ) | ૧૦૦% |
| ૬. | ટી.પી.એલ. (સુરત) | ૧૦૦% |

આયોગે ખેતીવિષયક  જોડાણો અંગે મીટર પૂરા પાડવાના વર્તમાન સ્થિતિ સુધારવા નિર્દેશ આપ્યા.

**HVDS, SCADA અને માહિતી આધારીત પ્રબંધન અંગે અમલ :-**

HVDS અને માહિતી પ્રબંધન યોજના વિતરણ પધ્ધતિ ને વધુ કાર્યક્ષમ રીતે સંચાલનમાં ઉપયોગી છે. તાંત્રિક તથા આર્થિક બાબતોને ધ્યાને રાખી એનઈપી અનુસાર તથા માહિતી પ્રબંધનને ધ્યાને રાખી વિતરણ પરવાનેદારોએ રજુ કરેલા એસસીએડીએ ના સમયમર્યાદાવાળા કાર્યક્રમને અમલમાં મુકવા રાજ્ય આયોગે માન્ય કરેલા હોય છે.

SCADAના કાર્યક્રમને અમલી બનાવવા વિતરણ પરવાનેદારોએ શરૂ કરેલા છે HVDSના અમલીકરણ થકી ઘટમાં અસરકારક ઘટાડા માટે મગુવીકં.લિ, દગુવીકં.લિ. અને પગુવીકંલિ એ તેનો અમલ શરૂ કરેલ છે.

**૩.૨.૨ કામગીરીના ધોરણના માપદંડો :-**

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની જોગવાઈ અનુસાર આયોગે અપેક્ષિત કામગીરીના ધોરણ નિયત કરવાના હોય છે. સંબંધિત આયોગ ગુણવત્તા યુક્ત વિદ્યુત પુરવઠા અંગેના પૂર્વ નિર્ધારીત માપદંડો આધારે યુટીલીટીનું નિયંત્રણ કરે છે.

રાજ્યમાં વિતરણ પરવાનેદારો માટે કામગીરીના માપદંડો આયોગે જાહેરનામાં ક્રમાંક ૧૦/૨૦૦૫ તા. ૩૧-૦૩-૨૦૦૫થી નિયત કરેલા છે. આયોગે આ જાહેરનામાથી નિયત કરેલા માપદંડો સાથે વિતરણ પરવાનેદારોની કામગીરીની સમીક્ષા કરે છે. આયોગ એસઓપી વિનિયમની જોગવાઈ હેઠળ વિતરણ પરવાનેદારો પાસેથી કામગીરીના ત્રિમાસિક વિગતવાર અહેવાલ મેળવે છે.

### ૩.૨.૩ગ્રાહક તકરાર નિવારણ અને વિદ્યુત લોકપાલની નિમણુંક :-

રાષ્ટ્રીય વિદ્યુત નીતિની માર્ગદશિકા અનુસાર ગ્રાહક તકરાર નિવારણ ફોર્મની રચના અને વિદ્યુત લોકપાલની નિમણુંક કરવાની રહે છે.

આયોગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના અને વિદ્યુત લોકપાલ જાહેરનામાથી પ્રસિધ્ધ કરેલા છે. આયોગ ત્રિમાસિક કામગીરીના અહેવાલ અને સમયાંતરે બેઠકો દ્વારા અંગે વિનિયમ સમીક્ષા કરે છે. ગુજરાતમાં આઠ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત છે. દરેક ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં એક સ્વતંત્ર સભ્યની પસંદગી આયોગ દ્વારા કરવામાં આવે છે. આયોગે ગુજરાતમાં સ્વતંત્ર વિદ્યુત લોકપાલની નિમણુંક કરેલ છે. જે અલગ સ્વતંત્ર કચેરી દ્વારા તેમની કામગીરી સંભાળે છે.

### ૩.૨.૪ ગ્રાહક જૂથો સશકતીકરણ :-

રાષ્ટ્રીય વીજ નીતિ અનુસાર નિયંત્રક આયોગ નિયંત્રણ પ્રક્રિયાની અસરકારકતા વધારવા માટે ગ્રાહક સશકતીકરણ પર ભાર મૂક્યો છે.

## 3.3 પ્રશુલ્ક નીતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ :-

### ૩.૩.૧ ઈક્વિટી પર વળતર :-

સર્વગ્રાહી જોખમ અને પ્રવતમાન મૂડીની કિંમતને ધ્યાને રાખી રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગ ઈક્વિટી પર વળતર દર નક્કી કરી શકે તેવી જોગવાઈ પ્રશુલ્ક નીતિમાં છે.
આયોગ દ્વારા મૂડીકૃત ખર્ચને ધ્યાને રાખી ઈક્વિટી પર વળતરની ગણતરી કરવામાં આવે છે.

### ૩.૩.૨ ઘસારાના દર :-

પ્રશુલ્ક નીતિ પ્રમાણે કેન્દ્રીય આયોગે ઘસારાના દર જાહેર કર્યા છે જે જરૂરી સુધારાઓ સાથે વીજ વિતરણ કંપનીઓને લાગુ પાડી શકાય છે. આયોગે ઘસારાના દર નક્કી કરેલ છે. જે પાછળના પાના પર દર્શાવેલ છે.

| ક્રમ | પરવાનેદાર | નાણાકાય વર્ષ ૨૦૧૦-૧૧ માટે ઘસારા દર |
|---|---|---|
| ૧. | ગુ.રા.વી.નિ.લિ. | ૫.૧૧% |
| ૨. | ગુ.વી.પ્ર.નિ.લિ. | ૫.૦૭% |
| ૩. | ઉ.ગુ.વી.કં.લિ. | ૫.૩૧% |
| ૪. | દ.ગુ.વી.કં.લિ. | ૫.૨૭% |
| ૫. | મ.ગુ.વી.કં.લિ. | ૫.૨૬% |
| ૬. | ૫.ગુ.વી.કં.લિ. | ૫.૨૭% |
| ૭. | રા.વી.ર.ક | ૪.૪૧% |
| ૮. | ટી.પી.એલ.(ઉત્પાદન) | ૩.૬૨% |
| ૯. | ટી.પી.એલ.(અમદાવાદ) | ૩.૫૭% |
| ૧૦. | ટી.પી.એલ.(સુરત) | ૩.૪૩% |

### ૩.૩.૩દિવસના સમય આધારીત પ્રશુલ્ક :-

પ્રશુલ્ક નીતિ દિવસના સમયના પ્રશુલ્ક નિર્ધારણના અમલ માટેની સવલત પૂરી પાડે છે. દિવસના પ્રશુલ્ક ગુજરાતમાં અમલમાં છે. (LT) ગ્રાહકો કે જેમનો માંગ વીજભાર ૨૦ કિલોવોટથી ૧૦૦ કિલોવોટ વચ્ચે છે અને (HT) ગ્રાહકો કે જેમનો નિયમિત વીજપુરવઠો ૧૦૦ કેવીએ અને તેથી વધુ છે અને રાતના દસ કલાકથી બીજા દિવસના સવારના છ કલાક સુધી ફક્ત રાત્રિ કલાકો દરમિયાન વીજ ઉપયોગ કરે છે તેને માટે અલગ પ્રશુલ્ક લાગુ પાડેલ છે.

તદુપરાંત, સમય અનુસારનો પ્રશુલ્ક અને પાણી પુરવઠાના (LT) જોડાણો માટે અમલમાં છે. એચટી કક્ષામાં કૃષિ ગ્રાહકો અને રેલ્વે ટ્રેંક્શનને છોડીને બાકીના તમામ એચટી કક્ષાના ગ્રાહકો ખરેખર વીજ ઉપયોગ કર્યાના સમયનો લાભ મેળવે છે.

***દિવસના સમય આધારિત પ્રશુલ્ક દર જે તા. ૩૧-૩-૨૦૧૦ના પ્રશુલ્ક આદેશ અન્વયે*** UGVCL, DGVCL, MGVCL ***અને*** PGVCL ***માટે અમલી છે. જેનું કોષ્ટક નીચે મુજબ છે.***

***વ્યસ્ત સમય કલાક :- ૭.૦૦ કલાકથી ૧૧.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાક***
***બિન વ્યસ્ત સમય કલાક :- ૧૧.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક***
***રાત્રિ કલાકો :- ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૬.૦૦ કલાક સુધી***

| ગ્રાહક કક્ષા | વ્યસ્ત સમય પ્રશુલ્ક પૈસા/કિલોવોટ | બિનવ્યસ્ત સમય પ્રશુલ્ક પૈસા/કિલોવા |
|---|---|---|
| LTP દર-IV ૧૨૫ BHPથી વીજભાર વધતો ન હોય તેવા મોટીવ પાવરના ગ્રાહકો LTP-I પ્રશુલ્કના બદલે ફક્ત રાત્રિ દરમિયાન વીજ-વપરાશ કરીને આ વિકલ્પ સ્વીકારી શકે છે. | ૪૦૦ | ૨૦૦ |
| LTP દર-IV(A) લઘુતમ CD ૨૦ કિલોવોટ અને મહતમ ૧૦૦ કિલોવોટ સુધી નીચા વોલ્ટેજ ગ્રાહકો ફક્ત રાત્રિ દરમિયાન વીજ-વપરાશ કરીને LTP-III પ્રશુલ્ક કક્ષાને બદલે આ વિકલ્પ સ્વીકારી શકે છે. | ૪૦૦ | ૨૦૦ |
| પ્રકાર-I પાણી પુરવઠાના અને ગટર વ્યવસ્થાનો પંપ જે સ્થાનિક સત્તામંડળો જેવા કે મ્યુનિસિપ કોર્પોરેશન કે ગ્રામ પંચાયત વિસ્તારની બહાર હોય. | ૩૪૦ | બિનવ્યસ્ત સમય દરમિયાન વપરાશ એટલે કે ૧૧.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક દરમિયાન હોય તો ૩૦ પૈસા/કિલોવોટ કલાક વટાવ પાણી પુરવઠાની તમામ કક્ષા માટે રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસ સવારે ૬.૦૦ સુધીના રાત્રિના કલાકો દરમિયાન વપરાશ અંગે ૭૫ પૈસા/કિલોવોટ કલાકનો વટાવ |
| ગ્રામ પંચાયતમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અપાયેલ જોડાણો અથવા નગરપાલિકા, મ્યુનિસિપાલિટી કે ગ્રામપંચાયત દ્વારા સંચાલિત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પંપો. | ૨૫૦ | |
| HPT દર I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા ૫૦૧ થી ૧૦૦૦ કેવીએ વચ્ચેની ખરેખરી માંગ | ૪૬૫ | ૩૯૦ |
| HPT દર I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા ૧૦૦૧ થી ૨૫૦૦ કેવીએ વચ્ચેની ખરેખરી માંગ. | ૪૮૫ | ૪૧૦ |
| HPT દર I અને II CD સાથે નિયમિત પુરવઠો અથવા ૨૫૦૦ કેવીએથી વધુ ખરેખરી માંગ | ૪૯૫ | ૪૨૦ |
| HPT દર III ૫૦૦ કેવીએથી ઓછો ન હોય તેવા કામચલાઉ સમય માટેના પુરવઠા અંગે | ૭૦૫ | ૬૩૦ |
| HPTદર IV ફક્ત રાત્રિ સમય દરમિયાન વીજ વપરાશ માટે. | - | ૨૦૦ |

તા. ૩૧/૩/૨૦૧૦ ના પ્રશુલ્ક આદેશ અન્વયે ટોરેન્ટ પાવર લિ. અમદાવાદ અંગે ટીઓડીના અમલી દર

**દર HTMD**

ઉંચા વીજભારના ગ્રાહકો કે જેઓ સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પંપીંગ સ્ટેશન સિવાયના ગ્રાહકો જેમની મહતમ માંગ ૧૦૦ કિલોવોટ અને તેથી વધુ હોય.

**ઉર્જા ચાર્જ :-**

| | | |
|---|---|---|
| ૧. | પ્રતિ માસ પ્રતિ કિલોવોટ પ્રથમ૪૦૦ યુનિટના વપરાશ | ૩૪૫ પૈસા / પ્રતિ યુનિટ |
| ૨. | પ્રતિ માસ બાકીના વપરાયેલ યુનિટ | ૩૩૫ પૈસા / પ્રતિ યુનિટ |

**સમય આધારીત વપરાશ ચાર્જ**

| | |
|---|---|
| નીચે જણવેલ નિશ્ચિત સમય દરમિયાન વપરાશ માટે.<br>૧. એપ્રિલ થી ઓક્ટોબર સુધીના સમય માટે<br>૧૨=૦૦કલાક થી ૧૭=૦૦કલાક, ૧૮=૩૦કલાક થી ૨૧=૩૦કલાક.<br>૨. નવેમ્બર થી માર્ચ સુધીના સમય માટે<br>૦૮=૦૦કલાક થી ૧૨=૦૦કલાક, ૧૮=૦૦કલાક થી ૨૨=૦૦કલાક. | |
| (અ) ૩૦૦ કિલોવોટ સુધીની બીલીંગ સમયમાં માંગ માટે | ૫૦પૈસા / પ્રતિ યુનિટ. |
| (બ) ૩૦૦ કિલોવોટ વધુની બીલીંગ સમયમાં માંગ માટ | ૭૦ પૈસા / પ્રતિ યુનિટ. |

**દર :- એચટી પંપીંગ સ્ટેશનો માટે.**

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના પંપીંગ સ્ટેશનો કે જેનું સ્થાનિક સત્તામંડળો દ્વારા સંચાલન થતુ હોય અને જેની મહત્તમમાંગ ૧૦૦ કિલોવોટ અને તેથી વધુ હોય તેવા કિસ્સામાં ઉર્જા પુરવઠા માટેના અમલી દર.

**ઉર્જા દર**

| | |
|---|---|
| સમાન દર | ૩૧૫ પૈસા / પ્રતિ યુનિટ |

**વપરાશના સમય મુજબ ચાર્જ**

| | |
|---|---|
| નીચે જણવેલ નિશ્ચિત સમય દરમિયાન વરપાશ માટે.<br>૧.એપ્રિલ થી ઓક્ટોબર સુધીના સમય માટે ૧૨.૦૦ કલાક થી ૧૭.૦૦ કલાક સુધી અને ૧૮.૩૦ કલાક થી ૨૧.૩૦ કલાક<br>૨. નવેમ્બર થી માર્ચ સુધીના સમય માટે ૮.૦૦ કલાક થી ૧૨.૦૦ કલાક અને ૧૮.૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક | ૫૦પૈસા /પ્રતિ યુનિટ. |

HTMD- **૧ દર**

સ્થાનિક સત્તા મંડળો દ્વારા સંચાલિત પંપીંગ સ્ટેશન સિવાયના હેતુ માટે ૩.૩ કે.વી.ના વિદ્યુત પુરવઠા અને કોન્ટ્રેક્ટીંગ માંગ ૧૦૦ કેવીએ અને તેથી વધુ હોય તે માટે પ્રશુલ્ક દર અમલી રહેશે.

***ઉર્જા દર***

| | | |
|---|---|---|
| ૧. | પ્રતિ માસ પ્રતિ બીલની માંગમાં પ્રત્યેક કેવીએ પ્રથમ ૪૦૦ યુનિટના | ૩૯૦ પૈસા / પ્રતિ યુનિટ |
| ૨. | પ્રતિ માસ બાકીના વપરાયેલ યુનિટ | ૩૮૦ પૈસા / પ્રતિ યુનિટ |

***વત્તા***

***વપરાશ સમયના ચાર્જીસ :-***

આ ચાર્જીસ જે ઉપભોક્તાની ૫૦૦ કેવીએ કે તેથી વધુની કોન્ટ્રેક્ટ ડીમાન્ડ કે ખરેખર માંગ હોય તેમની પાસેથી વસૂલ કરી શકાશે.

| | |
|---|---|
| બે વ્યસ્ત સમય દરમિયાન વીજ વપરાશ એટલે કે ૭.૦૦ કલાક થી ૧૧.૦૦ | |
| કલાક અને ૧૮.૦૦ કલાક થી ૨૨.૦૦ કલાક. | ૭૦ પૈસા/પ્રતિ |

આ પ્રશુલ્ક ૩.૩ કેવી અને તેથી વધુ વિદ્યત પુરવઠા માટે અને સ્થાનિક સત્તામંડળો દ્વારા સંચાલિત ૧૦૦ કેવીએ અને તેથી વધુ કોન્ટ્રેક્ટ ડીમાંન્ડ પાણી પુરવઠા અને પંપીંગ સ્ટેશનોને લાગુ પડશે.

| | | |
|---|---|---|
| ૧. | ૧૦૦૦ કેવીએ સુધી | ૩૮૫ પૈસા / યુનિટ |
| ૨. | ૧૦૦૦ કેવીએ થી વધુ | ૩૯૦ પૈસા / યુનિટ |

***વત્તા***

***વપરાશ સમયના ચાર્જીસ :-***

જે ઉપભોકતાની ૫૦૦ કેવીએ કે તેથી વધુ કોન્ટ્રેક્ટ માંગ કે ખરેખર માંગ હોય ત્યારે આ ચાર્જીસ વસૂલ કરી શકાશે.

| | | |
|---|---|---|
| ૧. | બે વ્યસ્ત સમય દરમિયાન વીજ વપરાશ એટલે કે ૦૭.૦૦ કલાક થી ૧૧.૦૦કલાક અને ૧૮.૦૦કલાક થી ૨૨.૦૦ કલાક | ૭૦ પૈસા / યુનિટ |

### ૩.૪ નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોત :-

આયોગે નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા સ્ત્રોતમાંથી ઉર્જા મેળવવા માટે વિનિમય જાહેરનામા ૩/૨૦૧૦ થી બહાર પાડેલ છે. વિનિમય મુજબ નવીનીકરણ ઉર્જા પ્રાપ્તિ તમામ વિતરણ પરવાનેદારોને લાગુ પાડવામાં આવેલ છે. જેમા નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા સ્ત્રોતમાંથી અગાઉ પ્રાપ્તિ ના ૨ % જે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં નક્કી કરવામાં આવેલ તે સુધારીને ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ માં અનુક્રમે ૫%, ૬%, ૭%. કરવામાં આવેલ છે. આયોગે અલગથી પવન ઉર્જા, સૌર ઉર્જા અને બીજા નવીનીકરણ ઉર્જા સ્ત્રોતને ધ્યાને રાખી **RPO** નિર્ધારિત કરે છે.

વિવિધ નવીનીકરણ પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતમાંથી વિતરણ પરવાનેદારોને વિધુત ખરીદી માટે આયોગ પ્રશુલ્ક દર નક્કી કર્યા છે. પ્રશુલ્ક દર નિર્ધારિણ સમયે આયોગે પ્રકલ્પ નિવેશકોને પ્રોત્સાહન તથા ઉપભોક્તાના હિતનું રક્ષણ એ બન્ને બાબતો ધ્યાને લેવામાં આવેલ છે.
આયોગે બહાર પાડેલ બાયોમાસ આધારીત વિધુત ઉત્પાદન પ્રશુલ્ક અને બગાર્સ આધારીત કૉ-જનરેશન આધારીત પ્રશુલ્ક આદેશની વિશેષતા નીચે મુજબ છે.

#### ૧. બાયોમાસ આધારીત વિધુત ઉત્પાદન પ્રશુલ્ક આદેશ નં.૫/૨૦૧૦ તા. ૧૭-૫-૨૦૧૦

ગુજરાત વિધુત નિયંત્રક આયોગે (જીઈઆરસી) બાયોમાસ આધારીત ઉર્જા પ્રકલ્પો પાસેથી વિતરણ પરવાનેદારોને વિધુત ખરીદી માટે પ્રશુલ્ક અંગે બીજો આદેશ બહાર પાડેલ છે. તા. ૧લી જૂન ૨૦૧૦ થી તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ ના કંટ્રોલ પીરિયડ દરમિયાન બાયોમાસ આધારીત વિધુત પ્રકલ્પો કાર્યરત થયા હોય તેને આ આદેશથી બહાર પાડેલ પ્રશુલ્ક અમલી બનેલ છે.

આ આદેશથી આયોગે પ્રકલ્પ નિવેશકોને બે વિકલ્પ આપેલ છે. અગર સ્તર આધારીત એકસ્તરીય પ્રશુલ્કનો વિકલ્પ સ્વીકારી શકે છે અગર બે ભાગમાં પ્રશુલ્ક નિર્ધારીત કરી શકે છે. જેમાં ચલિત પરિબળો કે દર વર્ષે ઇંધણ ખર્ચમાં વધારો અંગે નિયત વધતી જતી ટકાવારી આદેશથી જે પ્રકલ્પ એકત્રિત ઘસારાનો જેમણે વિકલ્પ સ્વીકારેલ છે. અને જે પ્રકલ્પોએ એકત્રિત ઘસારાનો વિકલ્પ સ્વીકારેલ નથી. બન્ને માટે અલગ પ્રશુલ્કની જોગવાઈ કરેલ છે.

બાયોમાસ આધારીત પ્રકલ્પોની સ્તર આધારીત પ્રશુલ્ક રૂ. ૪.૪૦/કિલોવોટ યુનિટ પ્રથમ ૧૦ વર્ષ માટે અમલી રહે છે. અને પ્રકલ્પના બાકીના વર્ષ માટે રૂ. ૪.૭૫/કિલોવોટ યુનિટ પ્રશુલ્ક દર અમલી રહે છે. આ આંકડા એકત્રિત ઘસારાનો લાભ મેળવેલ હોય તેને તથા જે પ્રકલ્પોએ એકત્રિત ઘસારાનો લાભ મેળવતા ન હોય તેને ૫ પૈસા/કિલોવોટ યુનિટ નો પ્રશુલ્ક વધારો થવા પાત્ર રહે છે.

આ આદેશમાં વિવિધ વાણિજ્યિક પરિમાણો જેમકે પ્રવહન દર, વ્હીલીંગ ચાર્જીસ, સિક્યોરિટી ડીપોઝીટ, સ્વચ્છ વિકાસ મીકેનીઝમની લાભની વહેંચણી અને ખનીજ તેલ બળતણ અને બિન ખનીજ બળતણના મીકેનીઝમના નિયંત્રણને ધ્યાને લેવામાં આવેલ છે. પ્રકલ્પ નિવેશકોને પ્રવહન સમયે વ્હીલ પાવર અને વ્હીલીંગ ચાર્જીસને પ્રોત્સાહક પગલાં તરીકે આયોગે માન્ય રાખેલ છે.

ગુજરાતમાં મોટા પાયા પર સઘન ખેતી તથા વન પેદાશોની ઉપલબ્ધતા તથા તેના કારણે બાયોમાસ આધારીત ઉર્જા પ્રકલ્પોના વિકાસની શક્યતા ધરાવતું દેશનું એક રાજ્ય છે. પ્રશુલ્ક આદેશનો ઉદ્દેશ પ્રકલ્પ નિવેશકોતને બાયોમાસ (બિન - ખનીજ ઈંધણ) આધારીત ઉર્જા પ્રકલ્પોની સ્થાપના માટે પ્રોત્સાહન આપવા કે જે રાષ્ટ્રીય વિદ્યુત નીતિ પ્રશુલ્ક નીતિ આધારીત છે. વિતરણ પરવાને દારો દ્વારા આવા પ્રકલ્પો પાસેથી ઉર્જા ખરીદી કરવાથી આરપીઓ ઓબ્લીકેશન નો અમલ કર્યો ગણાશે.

### ૨. બગાર્સ આધારીત કૉ-જનરેશન પ્રશુલ્ક હુકમનં. ૪/૨૦૧૦ તા. ૩૧-૦૫-૨૦૧૦

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે બગાર્સ આધારીત કૉ-જનરેશન વિદ્યુત મથકો પાસેથી વિતરણ પરવાનેદારો દ્વારા ઉર્જા ખરીદી માટે પ્રશુલ્ક નિર્ધારિણનો બીજા આદેશ ઈશ્યુ કરતી સમયે વિવિધ હિત સંબંધકર્તા તરફથી રજુ થયેલા મંતવ્યો સરકારી નીતિ વિવિધ રાજ્યોના નિયંત્રણ આયોગ / કેન્દ્રીય નિયંત્રક આયોગ તરફથી ઈશ્યુ કરવામાં આવેલ હુકમોને ધ્યાને લેવામાં આવેલ છે.

નવીનીકરણ પ્રાપ્ત ઉર્જા સ્ત્રોતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે ઉપભાક્તાના હિતનું રક્ષણ વચ્ચે સંતુલન સાધવા આયોગે પ્રયત્ન જે તા. ૧લી જુન ૨૦૧૦ થી તા. ૩૧મી માર્ચ ૨૦૧૩ના નિયંત્રણ સમય દરમિયાન કાર્યરત થયા હોય તેના થકી ઉત્પન્ન થતી ઉર્જાના પ્રશુલ્ક આ આદેશથી નિયત થાય છે.

આ આદેશ પ્રકલ્પ નિવેશકોને બે વિકલ્પ વચ્ચે પસંદગી આપે છે અગર એક સ્તરીય પ્રશુલ્ક અથવા દ્વિ - સ્તરીય પ્રશુલ્ક જે પૈકી જેમા ચલિત પરિમાણો અથવા ઈંધણ ખર્ચ દર વર્ષે નિશ્ચિત ટકાવારી મુજબ વધે છે. આ આદેશ જે પ્રકલ્પ નિવેશકો એકત્રિત ઘસારાનો લાભ મેળવે છે અને જે નિવેશકો એકત્રિત ઘસાસાનો લાભ મેળવતા નથી બન્ને માટે અલગ પ્રશુલ્કની જોગવાઈ પૂરી પાડેલ છે.

બગાર્સ આધારીત કૉ-જનરેશન ઉર્જા મથકે ને સ્તરીય પ્રશુલ્કનો વિકલ્પ પુરો પાડે છે. જેમાં રૂ.૪.૫ પ્રતિ કિલોવોટ પ્રશુલ્ક જે પ્રકલ્પના પ્રથમ૧૦વર્ષો માટે અમલી રહેશે અને પ્રકલ્પના બાકીના વર્ષો માટે રૂ. ૪.૯૦ પ્રતિ કિલોવોટ અમલી રહેશે. આ આંકડામાં એકત્રિત ઘસાસામાં લાભનો સમાવેશ થાય છે. અને જે પ્રકલ્પોએ એકત્રિત ઘસાસાનો લાભ મેળવેલ નથી તેમાં પ્રશુલ્ક ૬પૈસા પ્રતિ કેલોવોટ વધુ રહેશે. આયોગે સામી સહાયકી સિવાય માહિત પક્ષને વેચાણ પણ માન્ય રાખેલ છે.

આ આદેશમાં વિવિધ વાણિજ્યિક પરિમાણો જેમ કે પ્રવહન દર, વ્હીલીંગ ચાર્જીસ, સિક્યોરિટી ડીપોઝીટ, સ્વચ્છ વિકાસ મિકેનીઝમના લાભની વહેંચણી અને ખનીજ તેલ બળતણ અને બિન ખનીજ બળતણ મિકેનીઝમના નિયંત્રણને ધ્યાને લેવામાં આવેલ છે. પ્રકલ્પ નિવેશકોને પ્રવહન સમયે વ્હીલ પાવર અને વ્હીલીંગ ચાર્જીસને પ્રોત્સાહક પગલાં તરીકે આયોગે માન્ય રાખેલ છે.

દક્ષિણ ગુજરાતમાં વિસ્તારમાં બેગર્સ આધારીત ઈંધણની પ્રાપ્યતાના કારણ તથા વિપુલતાના કારણે બગાર્સ આધારીત કૉ-જનરેશન વિદ્યુત પ્રકલ્પુ માટે પૂરતી તકો ધરાવતું દેશનું એક રાજ્ય છે. આ

પ્રશુલ્ક આદેશ પ્રકલ્પ નિવેશકોને બગાર્સ આધારીત કૉ-જનરેશનની વીજ અધિનિયમ ૨૦૦૩ અને રાષ્ટ્રીય વિદ્યુત નીતિ અને પ્રશુલ્કર નીતિ હેઠળ સ્થાપના માટે પ્રોત્સાહન / ઉત્તેજન પૂરા પાડવાનું લક્ષ્ય ધરાવે છે.

ઉર્જા સ્ત્રોતોના કાર્યક્ષમઉપયોગને પ્રોત્સાહન આપવામાં તે ઉપયોગી થશે. બગાર્સ આધારીત કૉ-જનરેશનથી ખનીજ ઇંધણનો ઉપયોગ અમુક અંશે ઘટાડી શકાશે જેથી પર્યાવિરણને પણ લાભ થશે.

***૩. રૂફ - ટૉપ આધારીત સૌર ઉર્જા પ્રકલ્પોના હુકમનં. ૮/૨૦૧૦ તા. ૩૧-૮-૨૦૧૦***

સૌર ઉર્જા પ્રકલ્પો પાસેથી વિતરણ પરવાનેદારો અને અન્યો ઉર્જા ખરીદી કરે તે માટે પ્રશુલ્ક નિર્ધારિણ અંગે આયોગે આદેશ નં. ૨/૨૦૧૦ બહાર પાડેલ હતા. સૌર ફોટોવોલ્ટેઈક અને સૌર થર્મલ પાવર ટેક્નોલો બન્ને માંથી ઉત્પન્ન થતી. *સૌર ઉર્જા અંગેના પ્રશુલ્ક નક્કી થયેલા હતા.*

